# વહીવટી તંત્ર, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ
# જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી
# દાદરા અને નગર હવેલી,સેલવાસ

**File No:** DOE/DNH&DD/EMRS-Entrance Exam./2021 / 3187 Dated: 07/06/2021

## એકલવ્ય આદર્શ નિવાસી શાળા (EMRS) પ્રવેશ જાહેરાત 2021-22

આદિજાતિ બાળકોને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ સાથે સારા આવાસની સુવિધા મળી રહે તેવા ઉચ્ચ હેતુસર ભારતના જુદા- જુદા આદિવાસી બાહુલ્ય વિસ્તારોમાં એકલવ્ય આદર્શ નિવાસી શાળાની સ્થાપના કરવામાં આવેલ છે.

ભારત સરકાર આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ માં પણ શૈક્ષણિક વર્ષ 2020-21 થી એક (01) એકલવ્ય આદર્શ નિવાસી શાળા (EMRS) ને મંજૂરી પ્રાપ્ત થયેલ છે.

સદર શાળામાં ધોરણ 6 થી 12, સુધીના (અંગ્રેજી માધ્યમના) ગુણવત્તાસભર અભ્યાસની વ્યવસ્થા સાથે-સાથે કોમ્પ્યુટર શિક્ષણ, રમતગમત, ચિત્રકલા, સંગીત તથા લાયબ્રેરી જેવી સુવિધાઓથી સજ્જ શૈક્ષણિક પરિસર હશે. અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને અભ્યાસની સાથે ઉત્તમ નિવાસ અને ભોજનની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવશે.

સંઘ પ્રશાસન દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 થી નવનિર્મિત માધ્યમિક શાળા, ખેરડી ના ભવનમાં એકલવ્ય શાળા માં ધોરણ- 6 થી 8 ના વર્ગો પ્રારંભ કરવામાં આવશે..

**શાળામાં પ્રવેશ પાત્રતાનું ધોરણ :**

- ☐ આ શાળામાં વિધાર્થીઓની પસંદગી પ્રવેશ પરીક્ષા દ્વારા કરવામાં આવશે.
- ☐ વિધાર્થી/વિધાર્થીની ના વાલી દાદરા અને નગર હવેલીના ડોમિસાઈલ તથા સ્થાનિક અનુસુચિત જનજાતિ (ST) હોવા જોઈએ. જાતિ નું પ્રમાણ પત્ર સેલવાસ અથવા ખાનવેલ મામલતદાર દ્વારા જારી કરાયેલ હોવું જોઈએ.
- ☐ ધોરણ 6 માં પ્રવેશ માટે તેની ઉંમર પ્રવેશ સમયે વધુમાં વધુમાં 13 વર્ષની હોવી જોઈએ.